# મીઠાઈની મિજબાની

– 'ખાધું પીધું ને રાજ કર્યું' માંથી સાભાર

એક હતો રાજા. તેને મીઠાઈ બહુ ભાવે. રાજાના મહેલમાં રોજ જાત જાતની મીઠાઈ બને. તેની સુગંધ આખાય નગરમાં ફેલાઈ જાય.

ગામના છેડે આવેલા કુંભારવાડામાં ઉકો ઉંદરડો રહે. તેને એક દિવસ મીઠાઈની સુગંધ આવી. ઉકાના મોંમાં પાણી છૂટ્યું અને એ તો એનાં સગાવહાલાં અને ભાઈબંધોને લઈ પહોંચ્યો રાજાના મહેલમાં. ઉંદરસેના ચૂંચૂં કરતી જાય અને મીઠાઈ ખાતી જાય. રાજા તો જોતો જ રહી ગયો, અને આટલા બધા ઉંદર જોઈ ખૂબ મૂંઝાઈ ગયો. તેણે વિચાર કરીને ગામના ડાહ્યા માણસોને બોલાવ્યા અને પૂછ્યું, '



આ ઉંદરસેના ને કેવી રીતે મહેલની બહાર કાઢવી ?' ડાહ્યા માણસોએ કહ્યું, ''ઉંદર કાઢવા બિલાડાં બોલાવો. બિલાડાં જોઈને ઉંદર ભાગશે.''

રાજાએ નોકરોને હુકમ કર્યો અને નોકરો તો ગામના ખૂણે ખાંચરેથી બિલાડીઓને મહેલમાં પકડી લાવ્યા. મ્યાં....ઉ મ્યાં.....ઉ કરતી બિલાડીઓ આવી પહોંચી. બિલાડીઓને જોતાં જ ઉંદરો ભાગી ગયા.

બિલાડીઓને તો મહેલમાં મઝા જ મઝા. રાજાના ગાદી તકિયે બેસે, આળોટે ને બધે લહેરથી હરે ફરે. રાજા વળી મુંઝાયો.

રાજાએ બિલાડીને કાઢવા કૂતરાં મંગાવ્યાં. ઘોળિયાં ને કાળિયાં, જાડિયા ને પાડિયાં. ભસતાં ને હાઉવાઉ કરતાં કૂતરાંઓને જોઈ બિલાડાં તો નાઠાં. પછી તો કૂતરાઓ મહેલમાં જ રહી પડયાં. ખાય–પીએ ને રાજાના ગાલ ને પગ ચાટે. રાજા તો હેરાન હેરાન થઈ ગયો.

કૂતરાંથી બચવા રાજાએ વાઘ બોલાવ્યા. પીળા–કેસરીયા રંગ પર કાળા ચટાપટાવાળા વાઘ આવ્યા. ત્રાડ પાડતા આવ્યા. કૂતરાંઓ તો બે પગ વચ્ચે પૂંછડી દબાવી જાય ભાગ્યાં.....જાય ભાગ્યાં.

વાઘ તો રાજાના મહેલમાં જ રહી પડયા. ખાય પીએ ને મોજ કરે. રાજાને થયું આનાથી કમ છૂટાય ?

રાજાએ સિંહ બોલાવ્યા. જંગલના રાજા માથાં ડોલાવતાં ને કેશવાળી ફંગોળતાં મોટી મોટી ગર્જનાઓ કરતા આવ્યા. સિંહ તો વાઘને છેક ગામની બહાર નસાડી આવ્યા.

હવે તો સિંહભાઈઓને થયું અમે જ મહેલના રાજા છીએ. એટલે એ સિંહાસને બેસે, રાજાના પલંગમાં સૂઈ જાય અને રાજાની થાળીમાંથી જ જમી જાય.

રાજાને થયું હવે શું કરવું ? સિંહ તો વનનો રાજા. તેણે કોણ ભગાડી શકે ? ત્યાં તો ઉકો ઉંદરડો આવ્યો. કહે, 'સિંહને તો અમે ભગાડી લઈશું – તમે અમને શું આપશો ? રાજા કહે, ''તમને પેટભરીને મીઠાઈઓની મિજબાની આપીશ.'' અને ઉકો ઉંદરડો પોતાની સેના લઈને આવી પહોંચ્યો. ઉંદરો સિંહના કાન–નામમાં પેસી જાય, પેટ ઉપર પગ ઉપર ગલગલિયાં કરે, પૂંછડી અને મૂંછ ખેંચે અને સિંહ પકડવા જાય તો દરમાં સંતાઈ જાય ! સિંહ તો હેરાન હેરાન થઈ ગયા અને જીવ લઈને નાઠા.

રાજા ખુશ ખુશ થઈ ગયો. બધાં ઉંદરડાંને પેટ ભરીને તેણે મીઠાઈઓ ખવડાવી અને ઈનામ આપ્યું. ઉંદરસેના પણ રાજી રાજી થઈ પોતાના ઘેર ગઈ. રાજા પણ ખુશ અને ઉંદરો પણ ખુશ. સૌએ ખાધું પીધું ને રાજ કર્યું.

■